# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

*************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારમાં 40 હજાર કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

2) વક્ફ સુધારા અધિનિયમ , 2025 પર સ્ટે આપવાનો સર્વોચ્ચ અદાલતનો ઇનકાર- કેટલીક જોગવાઈઓ પર રોક લગાવી

3) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું , ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઓટોમોબાઈલ બજાર બન્યું.

4) ઝારખંડના હજારીબાગમાં ટોચના ત્રણ નક્સલી ઠાર

5) એશિયા કપ ક્રિકેટનાં ગ્રુપ Aમાં UAE એ ઓમાનને જીતવા 173 રનનો લક્ષ્યાંક આપ્યો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE BIHAR PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , NDA સરકાર બિહાર, પશ્ચિમ બંગાળ અને આસામના પ્રદેશને ઘુસણખોરોથી મુક્ત કરવા માટે પ્રતિબદ્ધ છે. બિહારના પૂર્ણિયાના શીશા મોટી મેદાનમાં એક જાહેર સભાને સંબોધતા તેમણે કહ્યું કે નવા GST સુધારાથી રોજિંદા ઉપયોગની વસ્તુઓ સસ્તી થશે, સાબુ, પેસ્ટ, સ્ટેશનરી અને કપડાં સસ્તા થશે જેથી ગૃહિણીઓની ખરીદી વધશે.

પ્રધાનમંત્રીએ બિહારમાં 40 હજાર કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો.

(બાઇટ : PM-INFRA-DEVELOPMENT)

નવનિર્મિત હવાઈ મથકનું પણ લોકાર્પણ કરતાં શ્રી મોદીએ કહ્યું હવે પૂર્ણિયા દેશના ઉડ્ડયન નકશામાં આવી ગયું છે.

(બાઇટ : PM RAILWAY)

. . . . . . .

# EVE PM-KOLKATA VISIT

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ બંગાળના કોલકાતામાં ભારતીય સેનાના પૂર્વીય કમાન્ડ મુખ્યાલય વિજય દુર્ગ ખાતે સંયુક્ત કમાન્ડર્સ કોન્ફરન્સ CCC-2025  માં ઉપસ્થિત રહ્યા .  તેમણે ઓપરેશન સિંદૂરમાં તેમની હિંમત અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના મહત્વપૂર્ણ યોગદાન બદલ સશસ્ત્ર દળોની પ્ર      શંસા કરી હતી.

આજે પ્રધાનમંત્રીએ ભારતના ભવિષ્ય માટે તૈયાર સશસ્ત્ર દળો માટે ભારતીય સશસ્ત્ર દળો વિઝન 2047 દસ્તાવેજનું અનાવરણ કર્યું. આ કાર્યક્રમમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, સંરક્ષણ રાજ્યમંત્રી સંજય સેઠ , રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ હાજર રહ્યા હતા

. . . . . .

# SC WAQF

સર્વોચ્ચ અદાલતે વક્ફ સુધારા અધિનિયમ , 2025 પર સ્ટે આપવાનો ઇનકાર કર્યો છે પરંતુ કાયદાની કેટલીક જોગવાઈઓ પર રોક લગાવી દીધો છે . વકફ તરીકે મિલકત સમર્પિત કરતા પહેલા વ્યક્તિ ને પાંચ વર્ષ માટે મુસ્લિમ હોવા જરૂરી કલમ પર સ્ટે આપવામાં આવ્યો છે.

અદાલતે ચુકાદો આપ્યો છે કે રાજ્ય સરકારો આવી શરતો નક્કી કરવા માટે નિયમો ન બનાવે ત્યાં સુધી આ કલમ સ્થગિત રહેશે. વચગાળાનો આદેશ આપતા, અદાલતે કહ્યું કે , તેણે દરેક કલમને પ્રથમ દૃષ્ટિએ પડકાર ગણ્યો અને સમગ્ર કાયદાને સ્ટે આપવા માટે કોઈ કેસ બન્યો ન હોવાનું જણાયું.

મુંબઈમાં એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતા , લઘુમતી બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ સર્વોચ્ચ અદાલતના ચુકાદાનું સ્વાગત કર્યું.

. . . . . . . . . . . . .

# GOYAL – IEC

કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું, ભારત જેવા વિકાસશીલ દેશ માટે પેદાશના ઉત્પાદનમાં ઉચ્ચ ગુણવત્તાના ધોરણો જાળવવા એ સમયની જરૂરિયાત છે. તેમણે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય ઇલેક્ટ્રો-ટેકનિકલ કમિશન - IEC ની 89મી સામાન્ય સભાનું ઉદ્ઘાટન કરતી વખતે આ મુજબ જણાવ્યુ હતું . તેમણે ભાર મૂક્યો હતો કે ઉચ્ચ ધોરણોનું પાલન કરવાથી ખર્ચમાં વધારો થતો નથી , પરંતુ પુનઃઉપયોગિતાને પ્રોત્સાહન આપીને , બગાડ ઘટાડીને અને સલામતી સુનિશ્ચિત કરીને તેને ઘટાડે છે.

. . . . . . . . .

# GADKARI- VALUE SUMMIT

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું ભારત હવે જાપાનને પાછળ છોડીને વૈશ્વિક સ્તરે ત્રીજું સૌથી મોટું ઓટોમોબાઈલ બજાર બની ગયું છે અને આગામી પાંચ વર્ષમાં ટોચના સ્થાને પહોંચવાનું લક્ષ્ય રાખે છે.

નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય મૂલ્ય સંમેલન 2025 ને સંબોધતા , શ્રી ગડકરીએ ભાર મૂક્યો હતો કે ભારત ગ્રીન મોબિલિટી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇનોવેશન માટે પણ એક અગ્રણી કેન્દ્ર છે . રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારતની પ્રગતિ પર પ્રકાશ પાડતા, તેમણે કહ્યું કે દેશમાં વિશ્વમાં બીજા ક્રમનું સૌથી મોટું રોડ નેટવર્ક છે.

. . . . . . . . . .

# MAHARASHTRA- GOVERNOR

બોમ્બે વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખરે આજે મુંબઈના રાજભવન ખાતે આચાર્ય દેવવ્રતને શપથ લેવડાવ્યા. આચાર્ય દેવવ્રતે સંસ્કૃત ભાષામાં શપથ લીધા. તેઓ મહારાષ્ટ્રના 22મા રાજ્યપાલ છે. તેઓ ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા સી.પી. રાધાકૃષ્ણનના અનુગામી બનશે. . . . .

. . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . .

# GST REFORMS-5 PERCENT SECTORS

સ્વતંત્રતા દિવસે, લાલ કિલ્લાની પ્રાચીર પરથી , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આગામી પેઢીના GST સુધારાઓની જાહેરાત કરી હતી. ત્રીજી સપ્ટેમ્બરે GST પરિષદે નાગરિકોના જીવનને સરળ બનાવવા માટે ઘણા ક્ષેત્રોમાં કર દર ઘટાડ્યા. આજે, આપણે જે વસ્તુઓ પર GST 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરાયો છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરીશું. સાંભળીએ એક અહેવાલ...

(વોઇસ કાસ્ટ : પ્રવેશ અડિએચા)

GST પરિષદે લાકડા, પથ્થર અને ધાતુઓથી બનેલી મૂર્તિઓ તેમજ પગરખાં પર GST દર ઘટાડીને પાંચ ટકા કર્યો છે . ઉપરાંત કાચની મૂર્તિઓ , લોખંડ, એલ્યુમિનિયમ, પિત્તળ અને તાંબાની કલાકૃતિ માટે પણ આવો જ ઘટાડો કરાયો છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને નિષ્ણાત ટી . સુરેશે જણાવ્યું હતું કે આ સુધારાઓ દેશના અર્થતંત્ર પર સકારાત્મક અસર કરશે. તહેવારોની મોસમ પહેલા , આ સુધારાઓ સામાન્ય માણસ પર કરનો બોજ ઘટાડશે અને દેશની અર્થવ્યવસ્થાને વેગ આપશે.

પ્રવેશ અડિએચા આકાશવાણી સમાચાર અમદાવાદ

. . . . . . . . .

# SEVA PARV- SWACCH BHARAT

સેવા અને સુશાસન , એટલે કે જાહેર સેવા અને સુશાસનના મંત્ર દ્વારા સંચાલિત, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર , પરિવર્તન અને પ્રગતિ લાવવા માટે અથાક મહેનત કરી રહી છે. આજે , આ ખાસ શ્રેણી - "સેવા પર્વ" માં, અમે તમને જણાવીએ છીએ કે મોદી સરકારે સ્વચ્છ ભારત અભિયાન દ્વારા દરેક નાગરિકના જીવનમાં કેવી રીતે પરિવર્તન લાવ્યું છે.

સ્વચ્છતા અભિયાન ક્રાંતિકારી ફેરફારો લાવી રહ્યું છે , અને દુનિયા તેને સ્વીકારી રહી છે. આ કાર્યક્રમે ઘણી સ્ત્રીઓના જીવનમાં પરિવર્તન લાવ્યું છે ; અને આવા જ એક મહિલા ઉત્તરખંડના ચમોલી જિલ્લાના કિરણ દેવી છે.

(બાઇટ : કિરણ દેવી)

. . . . . . . .

# SHAH - NAXAL OPERATION

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું , CRPFની કોબ્રા બટાલિયન અને ઝારખંડ પોલીસની સંયુક્ત ટીમે હજારીબાગમાં નક્સલ વિરોધી કાર્યવાહીમાં મોટી સફળતા મેળવી છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે જણાવ્યું હતું કે , આ કાર્યવાહીમાં કુખ્યાત નક્સલ કમાન્ડર સહદેવ સોરેન, જેના પર એક કરોડ રૂપિયાનું ઈનામ હતું, તે માર્યો ગયો છે. સહદેવ સોરેનની સાથે, બે અન્ય ઈનામી નક્સલીઓ - રઘુનાથ હેમ્બ્રમ અને બિરસેન ગંઝુને પણ સુરક્ષા દળોએ ઠાર માર્યા હતા.

ગૃહમંત્રીએ માહિતી આપી હતી કે આ કાર્યવાહી પછી , ઉત્તર ઝારખંડના બોકારો ક્ષેત્રમાંથી નક્સલવાદ સંપૂર્ણપણે ખતમ થઈ ગયો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ટૂંક સમયમાં આખો દેશ નક્સલવાદની સમસ્યાથી મુક્ત થઈ જશે.

. . . . . . .

# ITR FILING-FAKE

આવકવેરા રિટર્ન-ITR દાખલ કરવાની આજે છેલ્લો દિવસ છે. રાત્રે 12 વાગ્યા સુધી કરદાતા અરજી કરી શકશે. અગાઉ આવકવેરા વિભાગે અંતિમ તારીખ 15 સપ્ટેમ્બરથી વધારીને 30 સપ્ટેમ્બર કર્યાનો દાવો કરતાં સમાચાર સોશિયલ મીડિયા પર વહેતા થયા હતાં, પરંતુ આવકવેરા વિભાગે આ સમાચારને ખોટા ગણાવ્યાં છે.

વિભાગે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, ITR દાખલ કરવાની આજે છેલ્લી તારીખ છે. વિભાગે કરદાતાઓને તેના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર આધાર રાખવાની સલાહ આપી છે.

. . . . . . . . . . . . . .

# NITI AAYOG-RECORD

નીતિ આયોગના અટલ ઇનોવેશન મિશન હેઠળ મેગા ટિંકરિંગ ડે પહેલને ઇન્ડિયા બુક અને એશિયા બુક ઓફ રેકોર્ડ્સની યાદીમાં સ્થાન મળ્યું છે.

નીતિ આયોગે માહિતી આપી હતી કે આ પહેલે એક જ દિવસમાં ટિંકરિંગ પ્રવૃત્તિમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓની મહત્તમ સંખ્યાનો રેકોર્ડ બનાવ્યો છે . તેમાં કહેવામાં આવ્યું છે કે નવ હજારથી વધુ અટલ ટિંકરિંગ લેબ શાળાઓના 4 લાખ 73 હજારથી વધુ વિદ્યાર્થીઓ સ્વચ્છ ભારત માટે એક સોલ્યુશન ડિઝાઇન કરવા માટે ભેગા થયા હતા જે 12 સપ્ટેમ્બરે જીવંત પ્રસારણ થયું હતું.

આ સત્ર દરમિયાન , વિદ્યાર્થીઓએ પોતાના DIY વેક્યુમ ક્લીનર્સ બનાવ્યા . આ રેકોર્ડને આજે સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી હતી.

. . . . . . .

# DAY ASIA CUP 2025

એશિયા કપ 2025 ક્રિકેટમાં, આજે અબુધાબીના શેખ ઝાયેદ સ્ટેડિયમ ખાતે ગ્રુપ A માં સંયુક્ત આરબ અમીરાત- UAE અને ઓમાન વચ્ચે હાલ મેચ રમાઈ રહી છે. UAEએ ઓમાનને જીતવા 173 રનનો લક્ષ્યાંક આપ્યો છે. હાલમાં મળતાં અહેવાલ મુજબ ઓમાને 4 ઓવરમાં 4 વિકેટ ગુમાવી 32 રન કર્યાં છે.

અન્ય એક મુકાબલો, દુબઈ ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં શ્રીલંકા અને હોંગકોંગ વચ્ચે હમણાં આઠ વાગે રમાશે. શ્રીલંકાએ ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

. . . . . .